॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૧ માર્ચ-એપ્રિલ ૧૯૯૧ અંક ૪

## વાલીઓને,

### રજાઓ અને પ્રવૃતિ

નવું વર્ષ શરૂ થતાં પહેલાં વિદ્યાર્થીને કંટાળો આવે એટલી લાંબી રજાઓ, લગભગ બે માસ જેટલી ફરજિયાત મળે છે, આ રજાઓમાં શું કરવું તે પ્રશ્ન હંમેશા રહેતો હોય છે.

આ સમયના ગાળામાં કંઈક રચનાત્મક પ્રવૃત્તિઓ આપવાનો અમે પ્રયત્ન કરતા રહીએ છીએ પરંતુ તેનો લાભ માત્ર ગણ્યાંગાઠયાં વિદ્યાર્થીઓને મળતો હોય છે, અથવા મેળવી શકતા હોય છે

શિખવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રવૃત્તિ છે એટલે બીજી રીતે જોઈએ તો રજાના ગાળામાં બાળક ચાલુ દિવસોમાં જે અભ્યાસ કરે છે તેનાં કરતાં જુદું પણ શીખી શકે. દિલ્હી, બેંગલોર જેવા શહેરોમાં વિવિધ પ્રવૃત્તિઓ માટેની ઘણી તકો ત્યાંની રાજ્ય સરકાર કે મ્યુનિસિપાલીટી કરે છે તે મેં અનુભવ્યું છે આપણે ત્યાં ગુજરાતમાં અને વિશેષે કરીને અમદાવાદમાં પૂરતી કહી શકાય તેવી તકો નથી. કોમ્યુનિટિ સાયન્સ સેન્ટર જેવી વીરડી છે પણ જૂજ બાળકો જ આ લાભ લેતાં હોય છે આપણને ગર્વ થાય તેવી ગણીગાંઠી સંસ્થાઓ જ તે લાભ આપી શકે તેવું દેખાય છે.

આમ છતાં નાનાં નાનાં પ્રવાસો, સુંદર વાચન, હસ્તકલામાં સુરુચિ કેળવાય તેવી પ્રવૃતિઓ, તરણકલા, સ્કેટીંગ જેવી પ્રવૃતિઓ, એવું ઘણું જાગૃત વાલીઓ કરતાં હોય છે આમાનું કેટલુંક તો બહારગામ જવાનું હોય તો પણ બાળકોને પ્રવૃત્તિરૂપે આપી શકાય તેમ છે. જયારે રચનાત્મક પ્રવૃત્તિની તકો નથી મળતી ત્યારે ખંડનાત્મક પ્રવૃત્ત માટેની તકો ઉભી થતી હોય છે. વાચન માટેનું માર્ગદર્શન શાળામાંથી આપતા આનંદ થશે. વીડીઓ જેવા માધ્યમનો ઉપયોગ રોકવો શકય નથી ત્યારે તેનો પણ રચનાત્મક ઉપયોગ વિચારવો પડશે.

જાગૃત વાલીઓ આ અંગે વિચારશે અને પોતાના બાળકને આટલા લાંબાગાળા માટે કંઇકને કંઇક સુંદર પ્રવૃત્તિ આપશે એવી અપેક્ષા છે.

દિનુભાઇના વંદન

### "હું માનવ, માનવ થાઉં તોય ઘણું"

**If money is lost nothing is lost, health is lost something is lost, but if character is lost, everything is lost.**

આજે માનવી વિજ્ઞાનમાં ખૂબ આગળ વધી રહ્યો છે. વિજ્ઞાન આજે હરણફાળે પ્રગતિ સાધી રહ્યું છે. પરિણામે મનુષ્યના જ્ઞાનની ક્ષિતિજો એકદમ વિસ્તરવા માંડી છે. ભૌતિક સુખ સમૃદ્ધિનો અપૂર્વ વિકાસ માનવી સાધી શકયો છે.

પણ તેણે સાચું સુખ મેળવ્યું છે ખરું ? આટલી બધી પ્રગતિ, આટલી ભભક, આટલી સુખસમૃધ્ધિ આટલી સાહ્યબી અને સગવડો છતાં ય માણસનો અંતરાત્મા તો અજંપો જ અનુભવે છે. એના હૃદયમાં ઊંડે ઊંડે અપાર દુઃખ ભર્યું છે, જે તેનાં અંતરાત્માને કોરી ખાય છે. એક માનવી બીજા માનવીથી ભયની લાગણી અનુભવે છે, માનવી માનવી વચ્ચે અવિશ્વાસનો અવરોધ આવી પડયો છે.

પોતાની ભૌતિક જરૂરીઆતોના સંતોષ માટે, તેની તૃપ્ત માટે આજે માનવી સ્વાર્થપ્રધાન બન્યો છે. તેનાં જીવનનું દ્રષ્ટિબિંદુ વ્યક્તિલક્ષી બની ગયું છે. તે સ્વકેન્દ્રી બની ગયો છે, તેનામાં દ્વેષ વેરઝેર, સ્વચ્છંદતા, ભ્રષ્ટાચાર જેવા અનેક દુર્ગુણો આવ્યા છે, તેનું ચારિત્ર્ય નષ્ટ થતું ચાલ્યું છે.

આજના આ ચારિત્ર્યભ્રષ્ટ માણસો પોતાની જરૂરીઆતોની પૂર્ણતા માટે સંપૂર્ણપણે સ્વાર્થી બની ગયા છે. પોતાના જ કુટુંબીજનો તેને કયારેક પારકાં લાગે છે, ને પરિણામે કુટુંબવ્યવસ્થા ભાંગવા માંડી છે પોતાનાજ વડિલો અને માતાપિતા પ્રત્યે એને આદરભાવ કે પૂજ્યભાવ રહ્યો નથી. માનવીમાં રહેલી માનવતા સુકાવા માંડી છે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરીને એના ઉપર કેમ રહેવાય એ જ ન શીખનાર માણસનું અસ્તિત્વ કેટલુંક ટકી શકશે ?
અને એટલે જ મારા હૃદયમાંથી ઉદ્‌ગાર સરી પડે છે.

"હું માનવ, માનવ થાઉં તોય ઘણું"

કોમલ બોડીવાલા (૯अ)

# જવાબદાર કોણ?

"બેન! શ્રેયાને ઘેર લઈ જવી છે, બોલાવી આપશો?"

"પરંતુ આપણે ત્યાં એવી રીતે વચ્ચેથી રજા આપતાં નથી, તમે જાણો છો ને?"

'તમારી વાત સાચી છે, પણ બેન મારે અચાનક જ વડોદરા જવાનું છે લગ્ન છે એટલે જવું જ પડે તેમ છે"

"તો પછી સ્કુલમાં નહોતી મોકલવીને! એક કલાક ઘેર ભણાવી લેવી હતી. કાંઈ લગ્ન અચાનક જ ઓછાં નક્કી થયાં હશે?"

"બેન મારે તો જવું જ ન હતું પણ બપોરે જ ફોન આવ્યો ને જવું જ પડે તેમ છે"

મને પણ વિચાર આવ્યો કે પહેલા જ ધોરણમાં ભણતી શ્રેયાને ઘેર એકલી મૂકાય પણ કેવી રીતે? અને આમે ય આટલા નાના છોકરાને તો ભણવાનું ય શું બગડે? ને એટલે જ શાળાનો નિયમ ન હોવા છતાં મેં શ્રેયાને વર્ગમાંથી ઘેર જવા માટે બોલાવી.

શ્રેયા વર્ગમાંથી દફતર લઈને ખુશ થતી આવી પહોંચી "કેમ શ્રેયા લગનમાં જવાનું છે? તો પછી શું કામ નિશાળે આવી?" મેં શ્રેયાને આવતાં વેંતજ પૂછયું.

ને શ્રેયાથી સાચો જ જવાબ અપાઈ ગયો "બેન, રિસેસ પછીનાં તો સંગીત, રમત ચિત્ર જેવા નકામા પિરીયડ હતા ને એટલે હવે ઘેર જાઉં તો ભણવાનું ન બગડે ને!" સાહજીક રીતે જ નિખાલસતાથી શ્રેયાએ આખી વાતનો ઘટસ્ફોટ કરી દીધો ને ઘડીભર વાલીના આ વર્તને મને વિચારમાં મૂકી દીધી.

આજના લગભગ મોટા ભાગના વાલીઓ ભણેલા તો હોય છે જ અને એટલે કયારે ક તેમના બાળકને ઘેર રાખવું પડે તો ભણવાનું એકદમ જ બગડે તેવી પરિસ્થિતિ ભાગ્યે જ ઊભી થાય છે. અને બાળકને સ્કુલમાંથી વચ્ચેથી નહી લઈ જવાનો અમે આગ્રહ રાખીએ છીએ તેની પાછળ હેતુ શાળાની શિસ્ત અને ઘણાબધા વાલીની સગવડ સાચવવાનો હોય છે. અને છતાંય જ્યારે વાલીઓ આવા નિયમોમાંથી છટકબારીઓ શોધે છે, બનાવટ કરી ધાર્યું હોય તે મુજબ બાળકને ઘેર લઈ જાય છે, ત્યારે તેનાં વાલીને મને એક જ પ્રશ્ન પૂછવાનું મન થાય છે "તમારા આ જ બાળકો ભવિષ્યમાં તમે ઘડેલા નિયમો પાળશે ખરા? ભવિષ્યમાં એ પણ કયારે ક આવી બનાવટ કરતાં અચકાશે ખરા? તેને માટે જવાબદાર કોણ? શું આપણે જ આપણા પગ પર કુહાડો મારતા નથી?"

ઊર્મિલા શાહ

## હાઈકુ

ઘર આપણું
પ્રેમ મળે તે; નહી
ચાર દીવાલ.

શુષ્ક માનવી
અને સૂકા પાંદડા,
એક સમાન.

આશિષ વ્યાસ (૮ क)

સૂકાં ને લીલાં
ઝાડ પાન ડાળખાં,
પ્રાણ સર્વના.

વિભવ શુકલ (૮ क)

ભારત દેશ
વીર રત્નોની ભૂમિ
છે હરિયાળી.

સચીન વસાવડા (૮क)

રૂપ ને રંગે
માનવી હોય જુદાં
લોહી એક જ.

ફળોનાં સ્વાદ,
લોકોનાં મન જુદાં
કેવું આ વિશ્વ!

અમર શાહ (૮क)

શ્રદ્ધા અનોખી
દિપ અજવાળે છે.
મારા મનમાં

ચાણકય શુકલ (૮क)

રોપ્યું વૃક્ષ આશાએ
ફળ ફૂલને છાયા આપે.
દિકરો ઉછેર્યો મા–બાપે.
ઘડપણનો સહારો બને.

વિશાલ ભગત (૮अ)

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૨૫-૧-૯૧ને શુક્રવારે તાલીમ મંડળીનાં બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી, બાળકોએ રંગ અને રેખાથી સુંદર ચિત્રો તૈયાર કર્યા, વિજેતા બાળકોને બિરુદ આપી અભિનંદન આપવામાં આવ્યાં.

તા. ૮-૨-૯૧ને શુક્રવારે બાલમંદિર 'ब' વિભાગનાં બાળકોનો વિશાલા પ્રવાસ યોજવામાં આવ્યો. બાળકોએ ખૂબ રસપૂર્વક વાસણોનું પ્રદર્શન, કુંભારનો ચાકડો જોયા, પપેટ શાની પણ મજા માણી, અને રેતીનાં ખાડામાં ખૂબ ખેલ્યા, કૂદ્યા ને હીંચકા ખાધા. બપોરે વટાણા પૌંઆ, તલની ચીકીનો નાસ્તો કર્યો અને વિશાલા તરફથી આપવામાં આવેલ ફરકડી લઇ સૌ બાળકો આનંદભેર રીક્ષાઓમાં પાછા ફર્યા. તે જ રીતે ૧૮-૨-૯૧ને સોમવારે તાલીમ મંડળીનાં ૧૩૨ બાળકોનો પ્રવાસ રીક્ષા દ્વારા જ યોજાયો. આ બાળકોએ તો દાંડીયા રાસની પણ રમઝટ બોલાવી, આટલાં નાનાં બાળકોને દાંડીયા રાસ રમતા જોઇ ઢોલીને પણ ઢોલ વગાડવાની પ્રેરણા થઈ આવી ને પછી તો તાલ સાથે રાસની ખૂબ સરસ રમઝટ જામી, ને અંતે એ જ રીતે નાસ્તો કરી ફરકડી લઈ સૌ પાછા ફર્યા. બાલમંદિર 'अ' વિભાગનો આવો વિશાલાનો પ્રવાસ ૨૦-૨-૯૧ને બુધવારે યોજાયો.

તા. ૯-૨-૯૧ને શનિવારે તાલીમ મંડળીનાં બાળકો માટે વેશભૂષા હરીફાઈ યોજવામાં આવી. બાળકો વિવિધ પાત્રો પ્રમાણે વેશભૂષા સજી વેળાસર આવી પહોંચ્યાં. તેમનો અભિનય, અને પાત્રને અનુરૂપ તેમની ભૂમિકા જોઈ 'વાહ' ના ઉદ્‌ગાર મુખમાંથી સરી પડે તેમ હતું. નિર્ણાયક તરીકે સંસ્થાનાં ભૂતપૂર્વ વાલી શ્રી સરોજબેન વ્યાસ અને સંસ્થાના કૉઓર્ડીનેટર શ્રી ઊર્મિલાબેન શાહે સેવા આપી હતી. વિજેતા બાળકોને બિરુદ આપી નવાજવામાં આવ્યા હતાં નિર્ણાયક તરીકે સેવા આપવા બદલ સંસ્થા શ્રી સરોજબેન તરફ આભારની લાગણી વ્યક્ત કરે છે.

તા. ૮-૩-૯૧ને શુક્રવારે તાલીમ મંડળીનાં બાળકોની સુલેખન સ્પર્ધા યોજવામાં આવી, વિજેતા બાળકોને બિરુદ આપવામાં આવ્યા, તેમને ધન્યવાદ.

## શિશુમંદિર

**સ્પર્ધાઓ :-** ધો. ૧ થી ૪નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે સુલેખન સ્પર્ધા તા. ૨૨-૧-૯૧ના રોજ યોજવામાં આવી, જેનાં વિજેતા ભાઈબહેનોને અભિનંદન.

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :-** ૨૪-૧-૯૧ના રોજ ધો. ૩ અને ૪ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે અભિનંદન કાર્ડ સ્પર્ધા યોજવામાં આવી. વિદ્યાર્થીઓએ ખૂબ સુંદર અભિનંદન કાર્ડ બનાવ્યાં. વિજેતા ભાઈબહેનોને અભિનંદન.

**ચેસ સ્પર્ધા :-** ૨૯-૧-૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | મહેતા ઝીલ | [૬ अ] | મેઘનાદ. |
| દ્વિતીય | શાહ રીકેન | [૭ क] | મેઘનાદ |
| તૃતીય | ભગત સોપાન | [૫ अ] | ધવલગિરિ |

**કેરમ સ્પર્ધા :-** તા. ૩૦-૧-૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | સાકી વિશાલ | [૬ क] | ધવલગિરિ |
| દ્વિતીય | લાખાણી રીનલ | [૭ अ] | ધવલગિરિ |
| તૃતીય | શાહ સેજલ | [૭ क] | ગંગોત્રી |
| ચતુર્થ | ભટ્ટ વિશાલ | [૭ अ] | રત્નદીપ |

**ટેબલ ટેનિસ સ્પર્ધા :-** તા. ૩૧-૧-૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | દેસાઇ સૌરીન | [૬ क] | ધવલગિરિ |
| દ્વિતીય | દલાલ સમર | [૭ अ] | ધવલગિરિ |
| તૃતીય | રાજા નંદિત | [૬ अ] | રત્નદીપ |

**ચિત્ર સ્પર્ધા :-** ધોરણ ૧ થી ૪ માટે તા. ૫-૨-૯૧નાં રોજ ચિત્ર સ્પર્ધા યોજાઈ. વિજેતા વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

આંતરગૃહ ચિત્રસ્પર્ધા ધો. ૫ થી ૭ માટે તા. ૭-૨-૯૧નાં રોજ યોજાઈ

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | ફોજદાર મિલોની | [૭ अ] | મેઘનાદ |
| દ્વિતીય | સોપારકર દેવલ | [૭ क] | રત્નદીપ |
| | દ્વિવેદીયા સોહમ | [૭ अ] | રત્નદીપ |
| તૃતીય | શાહ કલગી | [૬ अ] | ધવલગિરિ |
| | પરીખ પૌલોમી | [૭ ब] | ધવલગિરિ |
| | શાહ સેજલ | [૭ क] | ગંગોત્રી |

**નિબંધ સ્પર્ધા :-** તા. ૯-૧-૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | વ્યાસ રૂપા | [૭ क] | ધવલગિરિ |
| દ્વિતીય | ભટ્ટ સ્નેહલ | [૭ अ] | રત્નદીપ |
| તૃતીય | ફોજદાર મિલોની | [૭ अ] | મેઘનાદ |
| | વ્યાસ સાત્વિક | [૭ क] | ગંગોત્રી |

**આંતરગૃહ વક્તૃત્વ સ્પર્ધા :-** તા. ૧૬-૧-૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | સોપારકર દેવલ | [૭ क] | રત્નદીપ |
| દ્વિતીય | ભટ્ટ સ્નેહલ | [૭ अ] | રત્નદીપ |
| તૃતીય | ફોજદાર મિલોની | [૭ अ] | મેઘનાદ |

નિર્ણાયક તરીકે સેવા આપવા બદલ **શ્રી હિમાનીબેન શાહનો** આભાર માનું છું.

આંતરગૃહ સ્પર્ધાઓનાં સમગ્ર પરિણામોમાં (૧) રત્નદીપ ૧૮૦ ગુણ (૨) ધવલગિરિ ૧૫૦ ગુણ (૩) ગંગોત્રી ૧૨૫ ગુણ અને (૪) મેઘનાદ ૧૨૦ ગુણ

મેળવે છે વિજેતા ભાઇ બહેનોને અભિનંદન.

**વક્તવ્યો** – તા. ૨૮–૧–૯૧ લાલા લજપતરાય

તા ૩૦–૧–૯૧ શહિદ દિન અને મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થના ધૂન તથા તેમના જીવનનાં પ્રેરક પ્રસંગો વિષે વક્તવ્યો યોજાયાં.

**સ્વયંશિક્ષણદિન :–** તા. ૨૫–૧–૯૧નાં રોજ સ્વયંશિક્ષણ-દિન યોજાયો જેમાં ૪૦ જેટલા વિદ્યાર્થી ભાઇબહેનોએ શિક્ષક ભાઇબહેનોની ભૂમિકા સફળતાપૂર્વક ભજવી.

**રમતોત્સવ :–** તા. ૧–૨–૯૧નાં રોજ ધોરણ ૫ થી૭ માટે અને ધોરણ ૧ થી ૪ માટે તા. ૨–૨–૯૧ નાં રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો. જેમાં વિવિધ સામૂહિક અને વ્યક્તિગત રમતોનું આયોજન કરવામાં આવ્યું. વિજેતા ભાઈબહેનોને અભિનંદન.

**હોળી ઉત્સવ :–** તા ૨૦–૨–૯૧ નાં રોજ ધોરણ ૧થી૭ નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ રાસ ગરબા, હોળીગીતો નૃત્યો વિ. રજૂ કર્યા અને આનંદભેર અબીલ ગુલાલથી હોળી રમ્યાં

તા. ૧૨–૩–૯૧નાં રોજ શ્રી સોનલબેન ડેકટરે આદ્ય-ગુરુ શંકરાચાર્યના જીવન વિષે પ્રવચન આપ્યું તથા તા. ૧૩ અને ૧૪ માર્ચનાં રોજ શંકરાચાર્યજીનાં જીવન પ્રસંગોનાં ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું.

**અભિનંદન :–**

ચિત્ર :– ગુજરાત રાજ્ય લલિતકલા અકેડમિનાં ૩૧મા રાજ્યકલા પ્રદર્શનમાં ધોરણ ૫ થી ૭નાં વિભાગમાં ધો, ૫ કનાં કુ. ગાયત્રી વિક્રમભાઇ પટેલને તેમનાં 'વલોણુ' ચિત્ર માટે રૂા. ૧૦૦નું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

વિશ્વ બાલ ચિત્ર સ્પર્ધા (યોકોહોમા) ખાતે યોજાયેલ પ્રદર્શનમાં ચિ. રાજીતા સંજય મુનશી (૧ ચ) ને સુવર્ણચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

શંકર્સ ઈન્ટરનેશનલ ચીલડ્રન્સ આર્ટસ કોમ્પીટીશનમાં અર્પી સ્નેહલભાઈ શાહ (૫ચ) ને સર્ટીફીકેટ મેળવવા બદલ અભિનંદન.

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી આયોજીત જ્યોતિ બાલ ચિત્ર સ્પર્ધામાં રાજા નંદિત (૬અ), રાજા નમ્રતા (૫ક), શાહ રાજવી પ્રશાંતભાઇ (૧ક), ઝવેરી રાજીક (૩બ), ફોજદાર મિલોની (૭અ), દેસાઈ હરિની (૫ચ), ઇનામો મેળવે છે તે બદલ તેમને અભિનંદન.

જ્યોતિ બાલ કલ્યાણ સંઘની બારમી ચિત્ર સ્પર્ધામાં શાહ મોહરને (૨ક), ઈનામ મેળવવા બદલ અભિનંદન.

સ્કુલ ઓફ આર્કીટેક તરફથી યોજાયેલ તત્કાલ ચિત્રસ્પર્ધામાં ઋત્વિક દવે (૬અ', નિમિલ શાહ (૬વ), અને આત્મજા દેસાઈ (૧અ), ને ઇનામ મેળવવા બદલ અભિનંદન.

વેન્ચર્સ કલબ આયોજીત ચિત્ર સ્પર્ધામાં હરિની દેસાઇ (૫ચ), ને ઈનામ મેળવવા બદલ અભિનંદન.

**સ્કેટીંગ :–** અન્વી નિરવભાઇ શાહ (૪ક), ને સ્ટેટ લેવલ પર આર્ટીસ્ટીક સ્કેટીંગમાં સુરત ખાતે ઈનામ મેળવવા બદલ અભિનંદન.

**ચાલો વાંચીએ :–** લોક મિલાપ ટ્રસ્ટ તરફથી 'યાદગાર જીવન પ્રસંગો' તથા 'યાદગાર કાવ્યો' પ્રકાશીત થયાં છે જેને તે વસાવવાના બાકી રહ્યાં હોય તેને ઓફિસનો સંપર્ક સાધવા વિનંતી.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**ચિત્ર સ્પર્ધા :–** તા. ૧૯–૧–૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | સુનેન પંડયા | [૮ બ] | મેઘદૂત |
| દ્વિતીય | અંકુર શાહ | [૮ ક] | ચંદ્રમૌલિ |
| તૃતીય | સુજલ મુન્શી | [૮ અ] | પદ્મપુકુર |
| | દર્શિની પરીખ | [૯ બ] | મેઘદૂત |
| | શ્રુતિ દોશી | [૯ અ] | ગીતગોવિંદ |

**નિબંધ સ્પર્ધા :–** ૧૯–૧–૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | ભાવિક વ્યાસ | [૯ ક] | ગીતગોવિંદ |
| દ્વિતીય | મોના દેસાઈ | [૮ અ] | પદ્મપુકુર |
| તૃતીય | કૃતિ વ્યાસ | [૯ ક] | ચંદ્રમૌલિ |
| | માલવ શાહ | [૯ ક] | પદ્મપુકુર |

**કેરમ સ્પર્ધા :–** ૧૪–૨–૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | કિંજલ રૂપારેલિયા | [૯ ચ] | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | અંકિત શાહ | [૮ ક] | ગીતગોવિંદ |
| તૃતીય | સપન પટેલ | [૯ ક] | મેઘદૂત |

**ચેસ સ્પર્ધા :** ૧૪–૨–૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | આશિષ વ્યાસ | [૮ ક] | ગીતગોવિંદ |
| દ્વિતીય | ચિંતન બી શાહ | [૮ ચ] | મેઘદૂત |
| તૃતીય | ભાવિક વ્યાસ | [૯ ક] | ગીતગોવિંદ |

**ટેબલ ટેનિસ સ્પર્ધા :–** ૧૫–૨–૯૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | ભાવિક વ્યાસ | [૯ ક] | ગીતગોવિંદ |
| દ્વિતીય | રીકીન શાહ | [૯ અ] | મેઘદૂત |
| તૃતીય | સુજલ શાહ | [૮ ચ] | મેઘદૂત |

સૌ વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન.

## સંસ્થાનું ગૌરવ

શારદામંદિરનાં ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થિની કુ. **દિપાલી વસા** બૃહદ્ ગુજરાત સંગીત સમિતિ તરફથી લેવાતી સંગીતની વિશારદની પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈ છ ચંદ્રકો અને એક ઇનામ પ્રાપ્ત કરે છે તે માટે તેમને ધન્યવાદ.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિતુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ–૩૮૦૦૦૭.
મુદ્રણ સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૩૮૦૦૦૭. ફોન : ૪૧૨૭૮૮